# अभ्यास 1 : पुनरावर्तनम्

## કર્તૃકારક અને વર્તમાનકાળનાં ક્રિયાપદોનું પુનરાવર્તન

નીચેનાં વાક્યો વાંચો -

(1) सः छात्रः वेदं पठति ।

(2) हे बालक, त्वं वेदं पठसि ।

(3) अहम् प्रातः वेदं पठामि ।

આપણે આઠમા ધોરણમાં આ પ્રકારનાં ક્રિયાપદોવાળી રચનાઓ ભણી ગયા છીએ, આથી આગળનું ભણીએ એ પહેલાં થોડું પુનરાવર્તન કરી લઈએ.

ઉપરનાં ત્રણેય વાક્યોમાં पठ् ધાતુ ( ક્રિયાશબ્દ ) વપરાયો છે. પરન્તુ આ पठ् ધાતુનાં જે રૂપો વપરાયાં છે, તે જુદાં જુદાં છે. જેમકે, પહેલા વાક્યમાં पठति છે, બીજા વાક્યમાં पठसि છે અને ત્રીજા વાક્યમાં पठामि છે. આ ફેરફાર શા કારણે છે, તે જાણવું જરૂરી છે. ઉપરનાં વાક્યોને ધ્યાનપૂર્વક જોતાં જણાય છે કે -

(1) જ્યાં सः છે, ત્યાં पठति રૂપ વપરાયું છે.

(2) જ્યાં त्वम् છે, ત્યાં पठसि રૂપ વપરાયું છે. જ્યારે,

(3) જ્યાં अहम् છે, ત્યાં पठामि રૂપ વપરાયું છે.

અહીં વપરાયેલું सः એ तद्નું, त्वम् એ युष्मद्નું અને अहम् એ अस्मद्નું પ્રથમા એકવચનનું રૂપ છે. આ પ્રથમા વિભક્તિનાં દ્વિવચન અને બહુવચનનાં રૂપોમાં પણ આ જ રીતે રૂપફેર જોવા મળે છે, જે નીચેના કોઠા ઉપરથી જાણી શકાશે -

### वर्तमानकाळ (लट्लकार)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| ઉત્તમ પુરુષ (પહેલો પુરુષ) | अहम् पठामि | आवाम् पठावः | वयम् पठामः |
| મધ્યમ પુરુષ (બીજો પુરુષ) | त्वम् पठसि | युवाम् पठथः | यूयम् पठथ |
| અન્ય પુરુષ (ત્રીજો પુરુષ) | सः पठति | तौ पठतः | ते पठन्ति |

આ ઉપરથી આપણે યાદ રાખવાનું છે કે વાક્યમાં જ્યારે त्वम्, युवाम्, यूयम् (युष्मद् - પ્રથમા) આવે છે, ત્યારે અનુક્રમે पठसि, पठथः, पठथ અને જ્યારે अहम्, आवाम्, वयम् આવે છે, ત્યારે અનુક્રમે पठामि, पठावः पठामः એવાં ક્રિયાપદ વપરાય છે. જ્યારે આ સિવાયનું કોઈ પણ નામ વાક્યમાં વપરાયું હોય, તો ત્યાં વચન મુજબ ક્રમશઃ पठति, पठतः, पठन्ति એવાં ક્રિયારૂપ વપરાય છે. (ઘણી વખતે સંસ્કૃતભાષાના વાક્યમાં આ सः વગેરે પદોનો સંદર્ભ હોય છે ખરો, પણ તે વપરાતાં નથી. જેમકે रामायणं पठामि । અહીં अहम् એવું (अस्मद्નું) પદ સાક્ષાત્ વપરાયું નથી. છતાં पठामि રૂપ ઉપરથી આ વાક્યમાં अहम् પદનું (अहं रामायणं पठामि । એમ) અનુસંધાન કરી લેવાય છે. આવું જ અન્યત્ર પણ સમજી લેવું.)

આ વખતે આપણે વર્તમાનકાળ ઉપરાંત ભૂતકાળ અને ભવિષ્યકાળનાં (પરસ્મૈપદ અને આત્મનેપદ- બંનેનાં) ક્રિયાપદો પણ શીખવાના છીએ. આ બધાં જ ક્રિયાપદોમાં આવી જ રીતે રૂપફેર જોવા મળે છે. તેથી દરેક વાક્ય રચતી વખતે આ વાત ધ્યાનમાં રાખવી. (ભૂતકાળ અને ભવિષ્યકાળનાં રૂપો શીખતી વખતે આ રીતના રૂપફેરનું કોષ્ટક આગળ આપવામાં આવ્યું છે.)

## स्वाध्याय

**1. समुचितेन क्रियापदेन रिक्तानां स्थानानां पूर्तिः करणीया ।**

(1) देवगणाः मेधाम् ..... । (यच्छति, यच्छतः, यच्छन्ति )

(2) वयम् अग्निम् ..... । (पूजयामि, पूजयामः, पूजयति)

(3) अधीशः पाठशालाम् ..... । (गच्छति, गच्छामि, गच्छसि)

(4) हे छात्राः, यूयम् मन्त्रान् ..... । (लिखति, लिखथ, लिखथः)

(5) सामगाः ..... । (गायति, गायसि, गायन्ति)

**2. सूचनानुसारं शब्दरूपं चिनुत ।**

(1) हस्, अन्य-पुरुष-द्विवचनम् । (हसति, हसामः, हसतः)

(2) चल्, मध्यम-पुरुष-बहुवचनम् । (चलामि, चलथ, चलथः)

(3) खेल्, उत्तम-पुरुष-बहुवचनम् । (खेलति, खेलामः, खेलथ)

(4) खाद्, अन्य-पुरुष-बहुवचनम् । (खादसि, खादथ, खादन्ति)

(5) पा-पिब्, उत्तम-पुरुष-एकवचनम् । (पिबामि, पिबसि, पिबति)

(6) गम्-गच्छ्, मध्यम-पुरुष-द्विवचनम् । (गच्छन्ति, गच्छतः, गच्छथः)

**3. योग्यं शब्दरूपं चिनुत ।**

(1) ..... पश्यामि । (अहम्, वयम्, त्वम्)

(2) ..... तिष्ठावः । (तौ, आवाम्, वयम्)

(3) अहं गृहम् ..... । (गच्छति, गच्छतः, गच्छामि)

(4) ..... नश्यति । (सः, त्वम्, अहम्)

(5) वयम् ..... । (कथयन्ति, कथयामः, कथयामि)

**4. मातृभाषायाम् अनुवदत ।**

(1) भक्ताः स्तोत्रं पठन्ति ।

(2) छात्रा पत्रं लिखति ।

(3) अहं गृहं गच्छामि ।

(4) वयम् ईश्वरं नमामः ।

(5) सिंहः वने वसति ।

**5. संस्कृतभाषायाम् अनुवदत ।**

(1) અધીશ ભણે છે.

(2) મૃગ ઘાસ ખાય છે.

(3) ત્રીશા પશુને જુએ છે.

(4) તું શું ખાય છે ?

(5) અમે વિદ્યાલય જઈએ છીએ.

**विशेष :** क्रियापदोने तेमना कर्ता साथे (पुरुष तथा वचनना संदर्भे) जोडतां शीखववुं. एवी ज रीते कर्तृपदोने उचित क्रियापदना रूप साथे जोडतां शीखववुं.